# શહેરના જાણીતા નાગરીકો કોરોના સામેનો જંગ હારી ગયા


ગાંધીનગર, તા. ૧૬

શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૫ થી વધુ નાગરીકો કોરોના સામેનો જંગ હારી ગયા છે. ગાંધીનગર અને અમદાવાદની અલગ-અલગ હોસ્પિટલોમાં સારવાર મેળવતા કેટલાંક જાણીતા અગ્રણીઓ કોરોના સામેનો જંગ હારી જતાં ઘેરા શોકની લાગણી વ્યાપી ગઈ છે.



**● હિતેશ એમ. પંડ્યા**

સચિવાલયના ક્લાયમેટ ચેન્જ વિભાગના સેક્શન ઓફિસર હિતેશ એમ. પંડ્યાનું કોરોનાના કારણે નિધન થયું છે. છેલ્લા ત્રણ સપ્તાહમાં પાંચમા અધિકારી સચિવાલયમાં મૃત્યુ થતાં સચિવાલયમાં ભારે સન્નાટો પ્રસર્યો છે.



**● ડો. પાર્થ જોષી**

કડી કેમ્પસની ઉમા આર્ટસ અને નાથીબા કોમર્સ કોલેજના સિનિયર અધ્યાપક ડૉ. પાર્થ જોષી કોરોનાથી નિધન થતાં શહેરના શિક્ષણજગતમાં ઘેરો શોક પ્રસર્યો છે. અર્થશાસ્ત્રના અધ્યાપક નાટ્ય પ્રવૃત્તિની સાથે સાથે કોલેજની ઈતર પ્રવૃત્તિમાં પણ ખુબ જ અગ્રેસર ભુમિકા ભજવતાં હતા.



**● વિનોદભાઈ પટેલ**

જય અંબે પરિવારના અગ્રણી પદયાત્રી અને દાતા અને શહેરના જાણીતા ઈલેકટ્રીકલ કોન્ટ્રાક્ટર વિનોદભાઈ (વિનુભાઈ) પટેલનું કોરોનાથી મૃત્યુ થતાં જય અંબે પરિવાર સહિત પટેલ સમાજમાં ઘેરા શોકની લાગણી છવાઈ છે.



**● જ્યોત્સનાબેન વૈષ્ણવ**

મુખ્યમંત્રીના જન સંપર્ક અધિકારી અને ગાંધીનગર કલ્ચરલ ફોરમના સક્રિય કારોબારી સભ્ય ઉદયભાઈ વૈષ્ણવના માતુશ્રી જ્યોત્સનાબેન વૈષ્ણવ કોરના સામેનો જંગ હારી જતાં સવારે ૯.૦૦ વાગે તેમનું નિધન થયું. કલ્ચરલ ફોરમ અને વડનગરા નાગર મંડળમાં ઘેરો શોક છવાયો.



**● કુમુદબેન ભટ્ટ**

ગાંધીનગર શહેરના જાણીતા કલાગુરૂ કુમુદબેન ભટ્ટ કોરોના સામેનો જંગ હારી જતાં કડી કેમ્પસ અને કલાકાર જગતમાં ઘેરા શોકની લાગણી વ્યાપી છે. કુમુદબેન ભટ્ટે છેલ્લા બે દાયકાથી કથ્થકની તાલીમ આપી અસંખ્ય દિકરીઓને કથ્થકના કલાકાર બનાવ્યા છે.



**● રાકેશભાઈ વાળંદ**

કોબાના અગ્રણી રાકેશભાઈ વાળંદનું કોરોનાથી નિધન - કોબા ગામના પૂર્વ સરપંચ યોગેશભાઈ નાયીના નાના ભાઈ રાકેશભાઈ ભીખાભાઈ વાળંદનું કોરોનાના લીધે દુઃખદ અવસાન થયું છે. રાકેશભાઈના અવસાનથી ગ્રામજનોએ ઘેરા શોકની લાગણી વ્યકત કરી છે. જ્યારે સ્વ. રાકેશભાઈ સામાજિક કાર્યકર તરીકે પણ ઉમદા સેવા પુરી પાડી હતી. આ ઉપરાંત સરકારની યોજનાઓ સંદર્ભે જરૂરિયાતમંદોને પણ વિશેષ માર્ગદર્શન અને સહકાર પુરો પાડતા હતા.

# શહેરમાં ભર ઉનાળે ફરી ઉકાળો

## ઘેર ઘેર દર્દીઓ હોવાથી ઉકાળાનો ઉપયોગ વધ્યો : જુદા જુદા સ્થળોએ ઉકાળાનું જાહેર વિતરણ થઈ રહ્યુ છે

ગાંધીનગર, તા. ૧૬

ઉનાળાની સીઝનમાં કેરીનો રસ, મઠ્ઠો અને આઈસક્રીમ આરોગવાની જગ્યાએ વસાહતીઓ હાલમાં ઉકાળાનો સહારો લઈ રહ્યાં છે. કોરોનાના કેસો વધતા ફરી એકવાર ઉકાળાનો ઉપાડ વધ્યો છે. ઘેર ઘેર ઉકાળા બની રહ્યાં છે તો વિવિધ સ્થળોએ પણ ઉકાળાનુ જાહેર વિતરણ થઈ રહ્યું છે.

સમગ્ર ગુજરાતની સાથોસાથ ગાંધીનગરમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી કોરોનાનો કહેર વધ્યો છે. હોસ્પિટલો હાઉસફુલ છે તો કલીનીકોમાં સારવાર માટે



દર્દીઓની કતારો જોવા મળી રહી છે. ઘેર ઘેર જાણે કોરોનાના દર્દીઓ જોવા મળી રહ્યાં છે. કોરોનાના વધતા કેસોના કારણે ફળો સહિતની સ્વાસ્થ્યવર્ધક ચીજવસ્તુઓનું વેચાણ વધ્યુ છે તો સાથોસાથ રોગ પ્રતિકારક ઉકાળાઓનો ઉપયોગ વધ્યો છે. ઘેર ઘેર ઉકાળાઓ બની રહ્યા છે. તુલસી, અરડુસી જેવી ઔષધિઓનો ઉપયોગ વધ્યો છે તો સાથો સાથ બજારમાં તૈયાર મળતા ઉકાળાના પાવડરનો ઉપયોગ વધ્યો છે.

કોરોનાના વધતા આક્રમણની સાથે જ સ્વૈચ્છિક સંસ્થાઓએ પણ ઠેર ઠેર ઉકાળાઓનું વિતરણ શરૂ કર્યુ છે. સેક્ટર-૭, સેક્ટર-૨૪, સેક્ટર-૧૪ અને ઈન્ફોસીટી વિસ્તારોમાં નિઃશુલ્ક ઉકાળા વિતરણ કેન્દ્રો શરૂ થયાં છે. ઉકાળાઓનું વિતરણ કેન્દ્રો પર પણ ભારે ધસારો જોવા મળી રહ્યો છે. ભર ઉનાળે ઉકાળાઓ પીવા વસાહતીઓ મજબૂર બન્યા છે.

તો બીજી તરફ ઉનાળામાં જેનુ સૌથી વધુ વેચાણ થાય છે તે આઈસક્રીમ, ઠંડા પીણાં સહિતની ચીજવસ્તુઓનું વેચાણ સાવ તળીયે આવી ગયુ છે. આઈસક્રીમનું વેચાણ વધવુ જોઈએ તેની જગ્યાએ તેનુ વેચાણ સાવ તળીયે આવી જતાં ઘણા દુકાનદારોએ તો તે મંગાવવાનુ જ બંધ કરી દીધુ છે. ફરી એકવાર ગયા વર્ષના ઉનાળા જેવો જ માહોલ સર્જાયો છે.






# HRCT સીટી સ્કેનનો મહત્તમ ભાવ રૂ. ૩૦૦૦ નક્કી કરાયો

## કોઈપણ ડાયગ્નોસ્ટિક સેન્ટર કે લેબોરેટરી HRCT સીટીસ્કેનના નિયત ભાવથી વધારે લેતા જણાશે તો કડકમાં કડક કાર્યવાહી કરાશે : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ની મહત્વની જાહેરાત : આજથી જ સમગ્ર રાજ્યમાં આ ભાવ અમલી થશે

ગાંધીનગર, તા.૧૬

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ આજે કોર કમિટીની બેઠકમાં લેવાયેલા આ નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે કોરોનાના દર્દીઓને સીટી સ્કેનની આવશ્યકતા ઊભી થાય છે, અને HRCT રિપોર્ટ કરાવવો પડે છે. રાજ્ય સરકારના ધ્યાને આવ્યું હતું કે, અલગ-અલગ શહેરોમાં કાર્યરત ડાયગ્નોસ્ટિક સેન્ટર મનફાવે તે રીતે દર્દીઓ પાસેથી ભાવો લે છે. કોરોનાના દર્દીઓને હાલાકી ન ભોગવવી પડે અને તેમની મુશ્કેલીઓમાં રાહત મળે તે હેતુથી ગુજરાત સરકારે સંવેદનશીલ અભિગમ દાખવીને તમામ ડાયગ્નોસ્ટિક સેન્ટર માટે HRCT સીટી સ્કેનના ભાવ રૂપિયા ૩,૦૦૦ નિયત કર્યા છે.

ગુજરાતના કોઈપણ શહેરમાં કોઈપણ ડાયગ્નોસ્ટિક સેન્ટર કે લેબોરેટરી HRCT સીટી સ્કેનના ભાવ રૂ. ૩,૦૦૦થી વધારે લેતા જણાશે કે જાણમાં આવશે તો તેની સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ તમામ લેબોરેટરીઓ અને ડાયગ્નોસ્ટિક સેન્ટરના સંચાલકોને અપીલ કરી છે કે, કોરોનાના દર્દીઓને વધુમાં વધુ રાહત આપી શકાય તે માટે તત્પર રહેવું જોઈએ.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારી સુશ્રી નિરૂપમાબેન ગઢવી કોરોનાથી સંક્રમિત થયા છે.

● ઈન્ફોસીટી સ્કૂલના પ્રદીપ ગગલાણી કોરોનાથી સંક્રમિત થતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

● જિલ્લા આરોગ્ય તંત્ર અગાઉ એન્ટીજન ટેસ્ટમાં પોઝીટીવ જણાયેલા પણ નહિ દર્શાવેલા દર્દીઓને ડિસ્ચાર્જની યાદીમાં દર્શાવી રહ્યા છે જે લોકોમાં ચર્ચાનો મુદ્દો છે.

● ગાંધીનગર શહેરમાં આજથી બે દિવસની રજા હોવાથી લોકોએ સેલ્ફ હોમ ક્વોરોન્ટાઈન થવાનું મન બનાવી લીધુ છે.

● ગાંધીનગર મનપાની ચૂંટણી મુલ્તવી રહ્યા પછી આચારસંહિતા ઉઠતાં જ કોંગ્રેસ-ભાજપના કાઉન્સીલરો સક્રિય થઈ તંત્રને સતત પત્રનો મારો ચલાવી રહ્યા છે.

● આ વર્ષે ચોમાસુ સારૂ રહેશે. સામાન્ય વરસાદ સાથે ચોમાસુ લોંગટર્મ એવરેજના ૯૮ ટકા વરસાદ થવાની શક્યતા છે.

● ગાંધીનગર શહેરમાં પથિકાશ્રમના ખાણી-પીણી બજારે પણ રોજ સાંજે ૪ વાગ્યા પછી સંપૂર્ણ બંધ પાળવાનો નિર્ણય કર્યો છે.

## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ



**બાબાજી, લોકો ડરે છે એમનું કહેવું છે કે એકાદ મસ્ક નાક પર પણ પહેરો તો સારૂ...!!**

# કોરોનાની કામગીરી કરતા ઈન્ટર્નસ અને રેસિડેન્ટ્સ ડૉક્ટર્સ માટે મહત્વનો નિર્ણય

ગાંધીનગર, તા.૧૬

રાજયમાં પ્રવર્તી રહેલ કોરોનાની સાંપ્રત પરિસ્થિતિમાં માનવ સેવાના ઉમદા કાર્યમાં જોડાયેલા ઈન્ટર્નસ અને રેસિડેન્ટ્સ ડૉક્ટર્સ માટે સ્ટાઈપેન્ડ ઉપરાંત ૩૦મી જૂન, ૨૦૨૧ સુધી દર મહિને વધારાના રૂપિયા ૫,૦૦૦નું ખાસ કૉવિડ પ્રોત્સાહન ભથ્થું આપવાનો આરોગ્ય વિભાગ દ્વારા મહત્વનો નિર્ણય કરાયો છે.

ગુજરાતમાં કોરોનાના આ સમયમાં મેડિકલ, ડેન્ટલ, ફિઝિયોથેરાપી હોમિયોપેથી અને આયુર્વેદના સ્નાતક અભ્યાસક્રમના ઈન્ટર્ન્સ તથા અનુસ્નાતક અને સુપર સ્પેશિયાલિટી અભ્યાસક્રમના રેસિડેન્ટસ ડૉક્ટર્સ કોરોનાના દર્દીઓની સારી સેવા-સુશ્રુષા કરી રહ્યા છે તેને ધ્યાને લઈને આ નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગે રાજયની સરકારી તેમજ GMERS મેડીકલ કોલેજમાં ઈન્ટર્નશીપ કરતાં કોવિડના સમયગાળામાં કાર્યરત ઈન્ટર્ન્સ અને રેસિડેન્ટસ ડૉક્ટર્સનું સ્ટાઈપેન્ડ વધારીને રૂ. ૧૩,૦૦૦ કર્યું હતું. હવે કૉવિડમાં સેવાઓ આપનાર તમામ ઈન્ટર્ન્સ અને રેસિડન્ટસ ડૉકટર્સને રૂપિયા ૧૩,૦૦૦ના સ્ટાઈપેન્ડ ઉપરાંત ૩૦મી જૂન, ૨૦૨૧ સુધી દર મહિને વધારાના રૂપિયા ૫,૦૦૦નું ખાસ કૉવિડ પ્રોત્સાહન ભથ્થું આપવાનો નિર્ણય લીધો છે.